# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 30-05-2025 Day: Friday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **વિરલ રાણા** વાંચે છે.

---

## વિદેશ મંત્રાલય-પાક વાતચીત:

વિદેશ મંત્રાલયે કહ્યું છે કે પાકિસ્તાન સાથેની વાતચીત અંગે ભારતનું વલણ ખૂબ જ સ્પષ્ટ છે અને કોઈપણ વાતચીત દ્વિપક્ષીય હોવી જોઈએ. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે ગઈકાલે નવી દિલ્હીમાં પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, આતંકવાદ અને વાતચીત એકસાથે ન થઈ શકે, તેમને કહ્યું કે, પાકિસ્તાને તે આતંકવાદીઓને ભારતને સોંપવા જોઈએ જેમના રેકોર્ડ થોડા વર્ષો પહેલા પાકિસ્તાનને આપવામાં આવ્યા હતા. શ્રી જયસ્વાલે કહ્યું કે જમ્મુ અને કાશ્મીર પર વાતચીત ત્યારે જ થશે જ્યારે પાકિસ્તાન ગેરકાયદેસર રીતે કબજા હેઠળનું કાશ્મીર ખાલી કરશે અને તેને ભારતને સોંપશે.

------------------------------------------------------------------------------------------------

## કૃષિ સંકલ્પ અભિયાન-PM:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવા તરફના એક મહત્વપૂર્ણ પગલા તરીકે દેશના કૃષિ ક્ષેત્રના વિકાસના મહત્વ પર ભાર મૂક્યો છે. ગઇકાલે ઓડિશામાં કૃષિ સંકલ્પ અભિયાનના પ્રારંભ પ્રસંગે એક વિડિઓ સંદેશમાં તેમણે કહ્યું કે કેન્દ્ર સરકાર ખેડૂતોને ઉત્પાદનના વાજબી ભાવ સુનિશ્ચિત કરવા અને કૃષિ અર્થતંત્રને મજબૂત બનાવવા માટે કામ કરી રહી છે. તેમણે કૃષિ ક્ષેત્રને આધુનિક બનાવવા અને કૃષિના વિકાસ માટે વિજ્ઞાન અને ટેકનોલોજીનો ઉપયોગ કરવાના સરકારના પ્રયાસો પર પણ ભાર મૂક્યો.

------------------------------------------------------------------------------------------------

## વિકસિત કૃષિ સંકલ્પ અભિયાન-CM:

મુખ્યમંત્રી ભૂપેંદ્ર પટેલે આણંદ કૃષિ વિશ્વ-વિદ્યાલય ખાતેથી રાજ્યવ્યાપી "વિકસિત કૃષિ સંકલ્પ અભિયાન"નો પ્રારંભ કરાવ્યો. દરમિયાન શ્રી પટેલે કહ્યું, આ અભિયાન ખેડૂતોની આત્મનિર્ભરતા અને સ્વદેશી પ્રોત્સાહનને પૂરું પાડનારું ઉપયોગી પગલું બનશે. તેમજ વિકસિત ભારત 2047 માટેના આ અભિયાનમાં પણ ગુજરાતના ખેડૂતો અગ્રેસર રહેશે તેવો વિશ્વાસ શ્રી પટેલે વ્યક્ત કર્યો.

ઉલ્લેખનીય છે કે, કેન્દ્ર સરકારના ભારતીય કૃષિ સંશોધન પરિષદ- I.C.A.R.ના માર્ગદર્શન હેઠળ કૃષિ વિજ્ઞાન કેન્દ્રો દ્વારા રાજ્ય સહિત દેશભરમાં  આગામી 12 જૂન સુધી આ અભિયાન હાથ ધરાશે.

અભિયાન અંતર્ગત કૃષિ ક્ષેત્રના ટકાઉ વિકાસ માટે કૃષિ વૈજ્ઞાનિકો, પ્રગતિશીલ ખેડૂતો અને કૃષિ અધિકારીઓની 55 ટુકડી ખેડૂતોને ઘરઆંગણે માર્ગદર્શન પૂરું પાડશે.

---

## બંદર શિપિંગમંત્રી-સમીક્ષા બેઠક:

બંદર, શિપિંગ અને જળમાર્ગ રાજ્યમંત્રી શાંતનુ ઠાકુરની અધ્યક્ષતામાં એક વ્યાપક બંદર સમીક્ષા બેઠક યોજાઇ હતી. આ બેઠકમાં ડીપીએના ચેરમેન સુશીલકુમારસિંહ અને બંદરના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. સમીક્ષા પછી રાજ્યમંત્રીએ હિતધારકોની સાથે બેઠક યોજી હતી. બેઠકમાં બંદર કામગીરી, વેપાર સુવિધાને વધારવા અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

---

## P.M.J.A.Y. યોજના-માર્ગદર્શિકા-:

આરોગ્ય વિભાગે રાજ્ય સરકારના તમામ અધિકારી-કર્મચારીઓ અને પેન્શન ધારકોને પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના- P.M.J.A.Y. યોજના હેઠળ લાભ મેળવવા માર્ગદર્શિકા બહાર પાડી છે. તે મુજબ, હવે અધિકારીઓ, કર્મચારીઓ, પેન્શનધારકો અને તેમના પરિવારને લાભ અપાવવા આશ્રિત પરિવારજનોની વિગત દર્શાવતું પ્રમાણપત્ર આપવું પડશે. તેમજ કર્મચારીઓ જ્યાં કાર્યરત્ હોય તે કચેરીના વડાએ નિયત નમૂનામાં પ્રમાણપત્ર આપવું

પડશે. ઉપરાંત E-KYC કરી શકાય તે હેતુથી પરિવારના દરેક સભ્યનો આધારનંબર પણ દર્શાવવાનો રહેશે તેમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

---

## ઓપરેશન શિલ્ડ-મોકડ્રીલ:

ગૃહ મંત્રાલય દ્વારા આવતીકાલ 31 મેના ગુજરાત સહિત 5 રાજ્યોમાં બીજી નાગરિક સંરક્ષણ કવાયત ઓપરેશન શિલ્ડ યોજાશે. આ મહિનાના અંતમાં દેશની પશ્ચિમ સરહદે આવેલા રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના તમામ જિલ્લાઓમાં કવાયત હાથ ધરાશે. ઓપરેશન સિંદૂર પછી દેશના સરહદી વિસ્તારોમાં સુરક્ષા તૈયારીઓ અને તાકીદની સ્થિતિમાં તંત્રની કામગીરીનું મૂલ્યાંકન કરવા માટે મોકડ્રીલ યોજવામાં આવી છે. રાજસ્થાન, પંજાબ, હરિયાણા, જમ્મુ-કાશ્મીર અને ગુજરાત જેવા રાજ્યોએ આ મોકડ્રીલમાં ભાગ લેવાનો છે.

---

## ન્યાયધીશ-નિલય અંજારિયા-શપથ:

કચ્છ માંડવીના વતની અને કર્ણાટક વડી અદાલતના મુખ્ય ન્યાયાધીશ નિલયભાઈ અંજારિયાની રાષ્ટ્રપતિએ સુપ્રીમ કોર્ટના ન્યાયમૂર્તિ તરીકે નિયુક્તિ કરી છે, તેઓ આજે સવારે 10 વાગ્યે પદના શપથ લેશે. સુપ્રીમ કોર્ટ કોલેજિયમે શ્રી અંજારિયા સહિત ત્રણ મુખ્ય ન્યાયમૂર્તિઓની સુપ્રીમકોર્ટના ન્યાયમૂર્તિ તરીકે બઢતી સાથે નિયુક્તિ કરવા ભલામણ કરી હતી. જેને રાષ્ટ્રપતિએ અનુમોદન આપ્યું છે. શ્રી અંજારિયા સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિ પદે પહોંચનારા કચ્છના પ્રથમ ન્યાયવીદ બન્યા છે.

---

## IPL:

IPL T20 ક્રિકેટમાં રોયલ ચેલેન્જર્સ બેંગલુરુની ટીમે પ્રથમ પ્લેઓફ મેચમાં પંજાબ કિંગ્સને આઠ વિકેટે હરાવી અંતિમ જંગમાં પ્રવેશ કર્યો છે.

IPLની એલિમિનેટર મેચમાં આજે ગુજરાત ટાઇટન્સનો મુકાબલો મુંબઈ ઇન્ડિયન્સ સામે થશે. ગુજરાતની ટીમ 14 માં થી 9 મેચ જીતી 18 પોઇન્ટ સાથે ત્રીજા ક્રમે જ્યારે મુંબઈની ટીમ 14 માંથી 8 મેચ જીતી 16 પોઇન્ટ સાથે ચોથા ક્રમે છે.

---

## હવામાન:

રાજ્યમાં આગામી પાંચ જૂન સુધી વિવિધ જિલ્લામાં કમોસમી વરસાદની આગાહી છે. જોકે, આવતીકાલથી વરસાદની ગતિ ધીમી પડશે તેવી શક્યતા હવામાન ખાતાએ વ્યક્ત કરી છે. બીજી તરફ આજથી આગામી પાંચ દિવસ માછીમારોને દરિયો ન ખેડવા સૂચના અપાઈ હોવાનું હવામાન ખાતાના નિયામક ડૉક્ટર એ. કે. દાસે જણાવ્યું હતું.

---